વિના મૂલ્યે

# ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન

## બિરસા મુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર

ફોન નં૦૭૯-૨૩૨૫૩૮૪૬ http://adijatinigam.gujarat.gov.in

અરજદારનો તાજેતરનો ફોટો અહીં ચોંટાડવો

**ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન પાસેથી સ્વરોજગારી તેમજ એન.એસ.એફ.ટી.ડી.સી, ન્યુ દીલ્હી યોજના હેઠળ વ્યક્તિગત ધોરણે જુદા જુદા વાહનની લોન મેળવવા માટેની અરજી ફોર્મ:-**

વિદેશ અભ્યાસ ☐ પાયલોટ તાલીમ ☐ વકિલ સહાય ☐ સ્વરોજગારી ☐ પોલ્ટ્રી ફાર્મ ☐

વાહનનો પ્રકાર:- રીક્ષા ☐ ઇકોવાન ☐ ટ્રેકટર વીથ ટ્રોલી ☐ પીક-અપ વાન ☐ ફુડવાન ☐ હસ્તકલાના આર્ટીસ્ટો ☐

**કચેરીનો નોધણી નંબર /તારીખ :-** **અરજદારનો ફોન નં:-**

(૧) અરજદારની વિગત.

(અ) અરજદારનું પુરેપૂરૂ હાલનું નામ/સરનમુ :-
(અટક પ્રથમ લખવી).

(બ) કાયમી(વતનનું) સરનામું:મુ.....................................પો..................................
તા.................................જી..................................પી.કો.નં...............................

(ક) ઉંમર: જન્મ તારીખ: (આધાર કાર્ડની નકલ રજુ કરવી)

(ડ) અરજદાર અનુસુચિત જનજાતિનાં છે.તે : અરજદારનુ પાકુ લાયન્સ નં
મતલબનો જાતિનો દાખલો બીડવો.
(મદદનીશ કમિશ્નર (આદિજાતિ) અથવા સક્ષમ અધિકારી)

(ઇ) અભ્યાસ (માર્કશીટની નકલ રજૂ કરવી) :

**નીચે જણાવેલ કોષ્ટકમાં વકીલ સહાયના અરજદારે વિગતો ભરવી. (કોષ્ટક-૧)**

| પદવી | વિષય | યુનિવર્સિટી | પાસ કર્યાનો માસ/વર્ષ | રેન્ક/ગ્રેડ/ટકાવારી |
|---|---|---|---|---|
| L.L.B/L.L.M (જુનિયર વકીલ) | | | | |
| L.L.B/L.L.M (સિનીયર વકીલ) | | | | |

**નીચે જણાવેલ કોષ્ટકમાં વિદેશ અભ્યાસ/પાયલોટ તાલીમના અરજદારે વિગતો ભરવી. (કોષ્ટક-૨)**

| વિગત | વિષય (આર્ટસ/સાયન્સ/કોમર્સ) | યુનિવર્સિટી (અભ્યાસની વિગત) | પાસ કર્યાનો માસ/વર્ષ | રેન્ક/ગ્રેડ/ટકાવારી |
|---|---|---|---|---|
| કોઇ પણ ડીગ્રી | | | | |
| વિદેશ અભ્યાસ/પાયલોટ તાલીમ માટે ક્યાં પ્રવેશ મેળવેલ છે? | | | | |
| કોર્ષની વિગત | | | | |
| યુનિવર્સિટીનું નામ-સરનામું | | | | |
| ફીની વિગત | | | | |

(૨) (ક) હાલનાં ધંધાની વિગત :

(ખ) અરજદારની મિલ્કત અંગે ની વિગત : સર્વે નં:-.................... ખાતા નં:...................... ક્ષેત્રફળ:-............................ અંદાજિત કિંમત......................

અરજદારે રજૂ કરેલ મિલકત ખેતીની જમીન/પ્લોટનો એરિયા જેમાં બાંધકામનો વિસ્તાર .................... બાંધકામ સિવાયનો ખૂલ્લો વિસ્તારની વિગત..................... ક્ષેત્રફળ:-..................... સહિત અંદાજિત કિંમત સાથે દર્શાવવાની રહેશે.

(૭/૧૨ અને ૮અના ઉતારા અથવા પ્રોપર્ટી કાર્ડની નકલ સામેલ કરવી તેમજ સરકાર માન્ય વેલ્યુએશન રિપોર્ટ રજૂ કરવો જેમાં મિલકતની અંદાજિત કિંમત રજૂ કરવી) મિલકતની સ્થિતિ પાકું મકાન, ખેતર, ખૂલ્લો પ્લોટ

(ગ) બોજાની વિગત:-હા કે ના?:- જો હા તો કેટલી રકમનો બોજો મિલકત ઉપર નોંધાયેલ છે? તેની વિગત/રદ કરેલ હોય તો તેની વિગત આપવી:-

(૩) લાભાર્થીએ લીધેલ કરજની વિગત અરજદારે દુધ મંડળી,સેવા મંડળી કે અન્ય સ્થાનિક મંડળી નાણાંકિય સંસ્થાઓ પાસેથી ધિરાણ મેળવેલ હોય તો મુદત વીતી બાકીદાર ન હોવા બાબતે જે તે સંસ્થાને દાખલો રજુ કરવાનો રહેશે.

(૪) લોનની વિગત :

(ક) લોન માંગણીનો હેતુ :

(ખ) લોન માંગણીની રકમ રૂ. :

(ગ) ધંધાનું સ્થળ અને તેનો આધાર તેમજ જરૂરી લાયસન્સ તથા અનુભવની વિગત પુરાવા સહીત રજુ કરવી

(૫) અરજદારે છેલ્લા પાંચ વર્ષમાં અન્ય સંસ્થા/બેંકમાંથી લીધેલ હોય તો લોનની વિગત: (દાખલો રજુ કરવો)

(૬) અરજદારના કુટુંબીજનોએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષમાં અન્ય સંસ્થા/બેંકમાંથી લીધેલ હોય તો લોનની વિગત : (દાખલો રજુ કરવો)

(૭) જામીનની વિગત :

(જામીનદારનું પુરેપુરૂ નામ અને સરનામું તેમજ ફોટો) (અટક પ્રથમ દર્શાવવી)

(૧) નામ..................................................................મુ.................................પો....................

તા:...............................જી........................................પી.કો.નં........................................

જામીનનો ફોન નંબર:- ..................................................

જામીનદારની સહી/અંગુઠાનું નિશાન..................................................................................

જામીનદાર-૧ની મિલકતની વિગત:- સર્વે નં:-.................... ખાતા નં:...................... ક્ષેત્રફળ:-............................

જામીનદાર-૧એ રજૂ કરેલ મિલકત ખેતીની જમીન/પ્લોટનો એરિયા જેમાં બાંધકામનો વિસ્તાર ..................

. બાંધકામ સિવાયનો ખૂલ્લો વિસ્તારની વિગત..................... ક્ષેત્રફળ:-..................... સહિત અંદાજિત કિંમત સાથે દર્શાવવાની રહેશે.

(૭/૧૨ અને ૮અના ઉતારા અથવા પ્રોપર્ટી કાર્ડની નકલ સામેલ કરવી તેમજ સરકાર માન્ય વેલ્યુએશન રિપોર્ટ રજૂ કરવો જેમાં મિલકતની અંદાજિત કિંમત રજૂ કરવી)

| |
|---|
| **જામીનદાર-૧ નો તાજેતરનો ફોટો અહીં ચોંટાડવો** |

(૨) નામ......................................................મુ.................................પો.................................

તા:.................................જી...........................................પી.કો.નં.................................

જામીનનો ફોન નંબર:- ..................................................

જામીનદારની સહી/અંગુઠાનું નિશાન..................................................................................

જામીનદાર-૨ની મિલકતની વિગત:-સર્વે નં:-.................... ખાતા નં:...................... ક્ષેત્રફળ:-............................

અરજદારે રજૂ કરેલ મિલકત ખેતીની જમીન/પ્લોટનો એરિયા જેમાં બાંધકામનો વિસ્તાર .................... બાંધકામ સિવાયનો ખૂલ્લો વિસ્તારની વિગત..................... ક્ષેત્રફળ:-..................... સહિત અંદાજિત કિંમત સાથે દર્શાવવાની રહેશે.

(૭/૧૨ અને ૮અના ઉતારા અથવા પ્રોપર્ટી કાર્ડની નકલ સામેલ કરવી તેમજ સરકાર માન્ય વેલ્યુએશન રિપોર્ટ રજૂ કરવો જેમાં મિલકતની અંદાજિત કિંમત રજૂ કરવી)

| |
|---|
| **જામીનદાર-૨ નો તાજેતરનો ફોટો અહીં ચોંટાડવો.** |

(૮) **બાંહેધરી**:- આથી હું પ્રમાણિત કરૂ છું કે, ઉપરની માહિતી મારી જાણ મુજબ સાચી છે; અને માહિતીના આધારે કોર્પોરેશન પોતાના અધિકારની રૂએ.......................... ના હેતુ માટે ધિરાણ મંજુર કરશે તે અંગેની ફોર્મની શરતો આ સાથેના પત્રકમાં જણાવ્યા પ્રમાણે વર્તવા આથી હું બંધાઉ છું. વધુમાં આ ધિરાણની રકમ પુરેપુરી ભરપાઇ ના કરૂં ત્યાં સુધી બીજા કોઇપણ પાસેથી આ જ હેતુ માટે કરજ લઇશ નહીં, તેની બાંહેધરી આપું છું.લોન ભરપાઇ ના થાય ત્યાં સુધી મિલ્કતનો વીમો ઉતરાવી,મેળવેલ ધિરાણ પુરેપુરૂ ચુક્તે ન કરૂ ત્યાં સુધી, કોર્પોરેશનની સંમતિ બહાર તબદીલી કે વેચાણ નહીં કરવાની બાંહેધરી આપું છું. કોર્પોરેશનના વસુલાતના હપ્તા નિયમિત ન ભરૂ તો ધિરાણથી ખરીદવામાં આવેલ મિલ્કતનો કોર્પોરેશન કબજો લઇ, વેચાણ કરી ધિરાણની વસુલાત વ્યાજ સાથે વસુલ કરવાની બાંહેધરી આપું છું.

**સ્થળ**:- **અરજદારની સહી.**

**તારીખ**:- **સાક્ષીની સહી** **અથવા અંગુઠાનું નિશાન.**

(૯) તાલુકા વિકાસ અધિકારી/ **જીલ્લા ખેતીવાડી અધિકારી**/જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર/અન્ય સહાય આપનાર કચેરીએ આપવાનો દાખલો. (આ દાખલો સબસીડી મેળવવા ઇચ્છતા લાભાર્થીએ રજુ કરવાનો રહેશે.)

આથી દાખલો આપવામાં આવે છે કે, અરજદારની અરજીમાં કુલ વાર્ષિક આવક સહિત તમામ હકીકત બરાબર અને સાચી હોવાની ખાત્રી કરવામાં આવે છે, અને અરજીમાં દર્શાવેલ ધિરાણ મંજુર કરવા અંગેની ભલામણ કરવામાં આવે છે.તથા આ અરજીમાં દર્શાવેલ ધિરાણ અંગે આ અરજદારને વધુમાં વધુમાં રૂ. .............................................. (અંકે રૂપિયા.............................................ની રકમ.યોજના હેઠળ સહાય પેટે મંજુર કરવાપાત્ર છે. અને તે મુજબ મંજુર કરવામાં આવશે.

**સ્થળ** **તાલુકા વિકાસ અધિ/જીલ્લા ખેતીવાડી અધિકારી/જીલ્લા મત્સ્ય અધિકારી/અન્ય કચેરી**

**તારીખ**:- **(કચેરીનો સિક્કો લગાડવો)**

(૧૦) પ્રોજેક્ટ એડમીનીસ્ટેટરની કચેરીએ ભરવાની વિગત:-

અરજી કરેલ તમામ વિગતોની ચકાસણી કરવામાં આવેલ છે તેમજ કોર્પોરેશનમાં અન્ય હેતુ માટે અરજદારે લોન માંગણી કરેલ નથી,જેની અત્રેના આસીસ્ટન મેનેજર દ્વારા ખાત્રી કરવામાં આવેલ છે, .જે અમારા અભિપ્રાય મુજબ.................................................ના હેતુ માટે રૂ.............................................નું ધિરાણ મંજુર કરવા ભલામણ છે.

**સ્થળ**:- **આસી.મેનેજર, નિગમ** **પ્રાયોજના વહીવટદાર/મદદનીશ કમિશ્નરશ્રી**

**તારીખ**:- **(પ્રાયોજના વહીવટદારની કચેરી)** **(સહી-સિક્કો)**

# પત્રક -૧

**કોર્પોરેશન તરફથી આદિજાતિ વ્યક્તિઓને સ્વરોજગારી તેમજ એન.એસ.ટી.એફ.ડી.સી ન્યુ દીલ્હીની યોજના હેઠળ ધીરવામાં આવતી વ્યક્તિગત લોન ફોર્મમાં નીચે મુજબની ભાગ-૧માં જણાવેલ શરતો ધ્યાને લઇ અરજી કરવાની રહેશે. તેમજ ભાગ-૨માં જણાવેલ વિગતો લોન મંજૂર થયા બાદ રજૂ કરવાની રહેશે,**

<u>શરતો અને પાત્રતા:-</u>

**(ભાગ-૧ની વિગતો અરજદારે લોન ફોર્મ ભરતા સમયે ધ્યાનમાં લઇ ફોર્મ સાથે રજૂ કરવાની રહેશે)**

<u>ભાગ-૧</u>

(૧) લાભાર્થી ઇસમ ગુજરાતના અદિજાતિના હોવા જરૂરી છે. (મામલતદારશ્રી/સમાજ કલ્યાણ અધિકારી અથવા સક્ષમ અધિકારીશ્રીનો દાખલો રજુ કરવો.)ગ્રામ્ય વિસ્તાર માટે આવક મર્યાદા ૧,૨૦,૦૦૦/-તેમજ શહેરી વિસ્તાર માટે આવક મર્યાદા ૧,૫૦,૦૦૦/-થી વધુ હોવી ન જોઇએ. અરજદારે રજૂ કરેલ પ્રમાણપત્ર સ્વ-પ્રમાણિત કરી રજૂ કરવાના રહેશે.

(૨) લાભાર્થીની ઉંમર ૧૮ વર્ષથી ઓછી તથા ૫૫ વર્ષથી વધુ ન હોવી જોઇએ.(આધારકાર્ડની નકલ ફરજિયાત રજૂ કરવાની રહેશે

(૩) લાભાર્થીએ જે હેતુ માટે (ધંધો/રોજગાર) ધિરાણની માંગણી કરેલ હોય તેની તાલીમ/અનુભવ અંગેનું આધારભૂત પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૪) લાભાર્થીએ જે હેતુ માટે ધીરાણની માંગણી કરેલ હશે તે હેતુ માટે જ લોનનો ઉપયોગ કરવાનો રહેશે. લોન મજુર થયેથી લોનની રકમ ના ૫ ટકા લાભાર્થી ફાળો ભરવાનો રહેશે તેમજ વાહન માટેના અરજદારોને કોર્પોરેશન દ્વારા નિયત કરેલ એજન્સી દ્વારા વાહન પુરા પાડવામાં આવશે, જો અરજદાર પોતાની પંસદગીનું વાહન મેળવવા ઇચ્છુક હોય તો લોન ઉપરાંતની રકમ લાભાર્થીએ ભરવાની રહેશે. અરજદાર જે વાહન મેળવવા માંગતા હોય તે માટે નિયત કરેલ વાહન ચલાવવા અંગેનું પાકું લાયસન્સ રજૂ કરવાનું રહેશે.

(૫) લાભાર્થીએ જે હેતુ માટે કોર્પોરેશનમાંથી ધીરાણ મેળવેલ હશે તે જ હેતુ માટે બેંક કે અન્ય નાણાંકીય પાસેથી ધીરાણ મેળવી શકશે નહીં. (તમામ યોજનાઓ માટે બેન્કનું છેલ્લા એક વર્ષનું સ્ટેટમેન્ટ રજૂ કરવાનું રહેશે.

(૬) લાભાર્થી અગર તેઓના કુટુંબના કોઇ સભ્યોએ આ અથવા કોર્પોરેશનની કોઇ પણ યોજના હેઠ્ળ કોર્પોરેશનમાંથી લોન લીધી હોય અને તે અન્વયે કોઇ પણ રકમ બાકી હોય તેવા ઇસમો લોન લેવાને પાત્ર ગણાશે નહી.

(૭) પ્રોજેક્ટ કચેરીમાં મેળવેલ અરજીપત્રક જ સ્વીકારવામાં આવશે. અને અરજીપત્રક ભરીને તે જ કચેરીએ આપવાનું રહેશે.

(૮) ઉપરોક્ત વિગતે આવનાર અરજીની ચકાસણી કરી સંપુર્ણ વિગતો સહ પ્રાયોજના વહીવટદારશ્રી/જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર મારફતે મોકલવાની રહેશે. જરૂર જણાયે જે તે હેતુ માટે ધંધાનું સ્થળ, યોજનાની વિગત, મળવાપાત્ર સહાયની વિગત, લાભાર્થીનો અનુભવ, વીજળી જોડાણ વગેરે પેટા માહિતી પણ અરજી સાથે સામેલ કરવાની રહેશે.

(૯) કોર્પોરેશનની જાહેરાતમાં જણાવેલ રીક્ષા, ટ્રેકટર, ઇકો ગાડી, વાન જેવા વાહનની લોન લેવા માંગતા અરજદારોએ પાકુ લાયસન્સ ફરજિયાત ધરાવતા હોય તેવા અરજદારની લોન મંજૂર કરવામાં આવશે. કોઇપણ સંજોગોમાં કાચુ લાયસન્સ ચલાવી લેવામાં આવશે નહી.

(૧૦) વધુમાં અધૂરી વિગતોવાળી દરખાસ્ત કોઇ પણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહી. તે માટે ફરીથી પુર્તતા કરવામાં આવશે નહી.

(૧૧) અરજદારે જે તે એક જ હેતુ માટે લોન અરજી કરવાની રહેશે

(૧૨) અરજદારે માંગણી કરેલ લોન ફોર્મ વંચાણે લીધા બાદ જરૂરિયાત મુજબની વિગતો માં દર્શાવેલ ક્રમ-૧ થી ૮ તેમજ ક્રમ નં-૧૦ ની સંપૂર્ણ વિગતો અરજદારે ભરવાની રહેશે.

(૧૩) લાભાર્થીએ કોર્પોરેશનને નક્કી કરેલ અને નક્કી કરવામાં આવનાર તમામ શરતોનું પાલન કરવાનું રહેશે.

(૧૪) અરજદારે રજૂ કરેલ જામીનની વિગતો એક વાર રજૂ કર્યા પછી જામીન બદલી શકાશે નહી.

**ભાગ-૨ની વિગતો અરજદારે લોન મંજૂર થયા બાદ અરજદારે રજૂ કરવાની રહેશે.**

<u>ભાગ-૨</u>

(૧) અરજદારે લોન માંગણી મુજબ લોન મંજૂર થયા બાદ કોર્પોરેશનના નિયમોનુસાર જે-તે યોજનાના નિયત કરેલ એડવાન્સ ચેક આપવાના રહેશે.(સ્વરોજગારી, એનએસટીએફડીસીની યોજના માટે નંગ-૨૦ એડવાન્સ ચેક તેમજ વિદેશ અભ્યાસ માટે નંગ-૬૦ એડવાન્સ ચેક, પાયલોટ તાલીમની યોંજના માટે નંગ-૧૪૪ એડવાન્સ ચેક)

(૨) લાભાર્થીએ ધિરાણની રકમથી બમણી મિલ્કત ધરાવતાં સરખી રકમના બે જામીનદારો રજુ કરવાના રહેશે. તેમજ જામીનદારોએ રૂ. ૨૦/- ના સ્ટેમ્પ ઉપર વસુલાત તથા જામીન રહેવા અંગેની બાંહેધરી આપવાની રહેશે. તથા અરજદારની લોન મંજૂર થયેથી કોર્પોરેશનનો બોજો અંગેની નોંધનું પ્રમાણપત્ર અત્રે રજૂ થયા બાદ નાણાં છુટા કરવામા આવશે તમામ લોનની રકમ અત્રે ઉપલબ્ધ ગ્રાંટના પ્રમાણે મંજુર કરવામાં આવશે

(૩) અરજદારે લાભાર્થી ફાળો, કરજખત, ગીરોખત, બોંજાનોંધણીનું પ્રમાણપત્ર લોન મંજૂર થયા બાદ એક માસની સમયમર્યાદામાં રજૂ કરવાનું રહેશે. ત્યારબાદ આપ લોન લેવા માંગતા નથી તેમ માની મંજૂર થયેલ ધિરાણ રદ કરવાની કાર્યવાહી કરવામાં આવશે.

## વકીલ સહાયના લાભ મેળવવા માટે શરતો અને પુરાવાઓ (કોષ્ટક-૧ માં જણાવ્યા મુજબ)

કાયદાના સ્નાતકોને સ્ટાઇપેંડ મેળવવા માટે અરજદાર કાયદાનો સ્નાતક હોવો જોઇએ. તેમજ અરજદારે જે સિનીયર વકીલના હાથ નીચે પ્રેકટીસ કરતાં હોય તે સિનીયર વકીલની નામ-સરનામાં, ટેલીફોન નંબર સહિત વિગત રજૂ કરવાની રહેશે.આ ઉપરાંત અરજદારનો બાર કાઉન્સીલનો રજીસ્ટ્રેશન નંબર રજૂ કરવાનો રહેશે.અરજદારે સિનીયર વકીલના હાથ નીચે ત્રણ વર્ષ સુધી પ્રેક્ટીસ કર્યાના પ્રમાણપત્રો રજૂ કરવાના રહેશે. તથા સનદ મેળવ્યાની અંદર બે વર્ષમાંઅરજી કરવાની રહેશે અન્યથા સ્ટાઇપેન્ડ મેળવવાને પાત્ર ગણાશે નહી. જુ,વકીલને  પ્રથમ માસ રૂપિયા૧૦૦૦/- લેખે બાર માસના રૂપિયા ૧૨૦૦૦/- બીજા વર્ષના પ્રતિમાસના રૂપિયા૮૦૦/- પ્રમાણે કુલ રૂપિયા ૯૬૦૦/- ત્રીજા વર્ષમાં પ્રતિ માસના રૂપિયા ૬૦૦/-લેખે ૭૨૦૦/- મળી કુલ ૨૮૮૦૦/- મળવા પાત્ર રહેશે  સીની,વકીલને પ્રતિ માસ રૂપિયા ૫૦૦/- લેખે  ત્રણ વર્ષના રૂપિયા ૧૮૦૦૦/- મળવા પાત્ર રહેશે સીનીયર વકીલ ને પ્રેકટીસ નો ૭ વર્ષ નો અનુભવ હોવો જરૂરી છે.જુ .વકીલ તેમજ સી,વકીલને  સહાય (સ્ટાઇપેંન્ડ) મંજુર થયેથી રૂ ૨૦- સ્ટેમપ પેપર પર એકરાર નામુ રજુ કરવાનુ રહેશે ફોર્મમાં દર્શાવેલ ક્રમ-૧માં (અ) થી (ઇ) સુધીની સંપૂર્ણ વિગતો તેમજ કોષ્ટક-૧ અરજદારે ભરવાની રહેશે.

## (વિદેશ અભ્યાસ તેમજ પાયલોટ તાલીમની લોનની માટે શરતો અને પુરાવાઓ (કોષ્ટક-૨માં જણાવ્યા મુજબ)

૧) અરજદારે સરકાર માન્ય વેલ્યુઅર પાસેથી પોતાની મિલકત અંગેનો વેલ્યુએશન રિપોર્ટ તેમજ રજૂ કરેલ બન્ને જામીનદારના પણ વેલ્યુએશન રિપોર્ટ સાથે મિલકતના જરૂરી પૂરાવા રજૂ કરવાના રહેશે.

૨) અરજી ફોર્મ સાથે વિદેશની કોલેજમાં પ્રવેશ મેળવ્યા અંગેનો આધાર(એડમીશન લેટર), પ્લેનની ટિકીટ, વિઝાની નકલ, કોલેજમાં ફી ભર્યાની રસીદ તેમજ પાસપોર્ટની નકલ રજૂ કરવાની રહેશે.( વિદેશ અભ્યાસ તેમજ પાયલોટ લોનમાં આવક મર્યાદા નથી)

૩) અરજદારે આર્થિક સધ્ધરતા અંગે છેલ્લા એક વર્ષનું બેન્ક સ્ટેટમેન્ટ રજૂ કરવાનું રહેશે.

૪) ફોર્મમાં દર્શાવેલ ક્રમ-૧ થી ૮ તેમજ ક્રમ નં-૧૦ ની સંપૂર્ણ વિગતો, કોષ્ટક-૨ અરજદારે ભરવાની રહેશે.

૫) અરજદારે વિદેશ અભ્યાસ તેમજ પાયલોટ તાલીમની લોન માટે ચેકલિસ્ટ રજૂ કરાવાનું રહેશે.

## પોલેટ્રી ફાર્મ/તબેલા યોજનાનો લાભ મેળવવા માટે શરતો અને પુરાવાઓ

૧) અરજદારે મરઘા પાલન/પશુપાલન અંગેની તાલીમ મેળવ્યા અંગેનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

૨) અરજદારે નિયત નમૂના-૧૬ મુજબ તલાટી-કમ-મંત્રી પાસેથી પાણીની વ્યવસ્થા તેમજ વીજ જોડાણ અંગેનું પ્રમાણપત્ર/પુરાવા રજૂ કરવાનું રહેશે.

૩) અરજદારે કોર્પોરેશનના નિયત નમૂના મુજબ બાંધકામ કરવાનું રહેશે. તેમજ બાંધકામ થયેથી થયેલ બાંધકામ મુજબ પૂરાવાના આધારે લોનના નાણાં તબકાવાર છૂટા કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

૪) ફોર્મમાં દર્શાવેલ ક્રમ-૧ થી ૮ તેમજ ક્રમ નં-૧૦ ની સંપૂર્ણ વિગતો અરજદારે ભરવાની રહેશે.

ઉપરોક્ત જણાવેલ તમામ શરતો અને વિગતો મેં કાળજીપુર્વક વાંચી છે. અને આ તમામ શરતોના સ્વીકાર સાથે લોન મંજુર કરવા વિનંતી કરું છું.

**સાક્ષીની સહી** **અરજદારની સહી અથવા અંગુઠાનું નિશાન**

..........................................................

.......................................................

**નામ:-**

**સરનામું:-**